**ફોજદારી કેસ નંબરઃ 6333/2007**

**આંક–૧ નીચે હુકમ.**

ફરિયાદીની ફરિયાદ વંચાણે લીધી. હાલની ફરિયાદ ૨૦૦૭ ના વર્ષમાં દાખલ કરેલ છે.ત્યારબાદ આ કામે આરોપી વિરુધ્ધનું પ્રોસેસ આરોપીને બજી આવેલ...... ત્યારબાદ થી આજદિન સુધી હાલની ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવવા ફરીયાદપક્ષે કોઈપણ નોંધપાત્ર તજવીજ હાથ ધરેલ નથી અને હાલની ફરીયાદ ઘણા લાંબા સમયથી અત્રેની અદાલત સમક્ષ પડતર પડી રહેલ છે અને આવા કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાના કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે.

ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ –વિરુધ્ધ– સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નંબરઃ ૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૮–૧–૨૦૧૦ ના ચુકાદામાં નામ. ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરિયાદી પોતાની ફરિયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નીષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરિયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચિત હોવાનું ઠરાવેલ છે.

આ કામે પણ આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ ફરીયાદ દાખલ કર્યા બાદ આરોપીને પ્ર ોસેસની બજવણી સબંધે તેમજ ફરીયાદની ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવા સબંધે કોઈ જ નોધપાત્ર કાર્યવાહી હાથ ધરેલ નથી કે જેના કારણે ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવીને તેનો ન્યાયીક નિર્ણય અદાલત કરી શકે તેમ નથી, તેવા સંજોગોમાં હાલની ફરિયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

**–: આખરી હુકમ :–**

ફરિયાદીની ફરિયાદ ડીસમીસ ઓફ ડીફોલ્ટ કરી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૨/૪/૧૮ના રોજ નામ. ડિસ્ટ્રીકટ કોર્ટ, રાજકોટના નોટીફીકેશન નંબર–૩૯/૨૦૧૮ મુજબના સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

Sd/-
( પી. કે. પંડયા )
પમાં અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.
રાજકોટ.
**UIC No. : GJ01398**

સ્થળ : રાજકોટ.
તારીખ : ૨૨/૦૪/૨૦૧૮